# બનાસ ડેરીમાં પરથીભાઈ ભટોળની પેનલનો વિજય

## બનાસકાંઠાના જ્યોતિ બસુ સાથે સરખામણી : લગાતાર જીત





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૧

આજે એશિયાની પ્રથમ નંબરની બનાસડેરીની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થતા વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે પૂર્વ સાંસદ પરિવર્તન પેનલના હરિભાઈ ચૌધરીને સજ્જડ પરાજય આપી પાલનપુર બેઠક પરથી ભવ્ય વિજય મેળવ્યો હતો. શ્રી ભટોળને ૯૦ મત અને ચૌધરીને ૫૩ મત મળ્યા હતા.

મતદાનના દિવસે પાલનપુર મતદાન મથકે વર્તમાન ચેર. પરથીભાઈ ભટોળના પુત્ર ધારાસભ્ય વસંત ભટોળ એક બસમાં મતદારો લઈને આવતા હરિભાઈના ટેકેદારો અને પરથીભાઈના ટેકેદારો વચ્ચે ભારે હોબાળા બાદ ભારે ઘર્ષણ થયું હતું. ત્યારે પોલીસે કડકાઈથી કામ લેતા મામલો થાળે પડ્યો હતો.

આજે પ્રથમવાર હાઈકોર્ટના આદેશાનુસાર અગાઉ પાલનપુરની ત્રણ વડગામ બે હતી તેને બદલે હાઈકોર્ટના આદેશથી અમીરગઢ દાંતીવાડા-ભાભર ત્રણ નવી બેઠકોનો સમાવેશ થતા પ્રથમવાર યોજાઈ હતી. જેમાં પાલનપુર, વડગામ, અમીરગઢ, વાવ, ભાભર, દિયોદર બેઠક પર પરથીભાઈ બટોળની પેનલનો વિજય થયો છે. દાંતા, ડીસા અને થરાદ બેઠક બિન હરિફ થઈ હતી.

જ્યારે પરિવર્તન પેનલનો ધાનેરા, દાંતીવાડા, કાંકરેજ,સાંતલપુર, રાધનપુર બેઠક પર વિજય થયો હતો. વહેલી સવારથી જ બંને પક્ષના ટેકેદારો મતગણતરી કેન્દ્ર પ્રાંત કચેરી પાલનપુર જોરાવર પેલેસ ખાતે ઉમટી પડ્યા હતા. આમ સૌ પ્રથમવાર સહકારી ક્ષેત્રે આટલી મોટી ચૂંટણીમાં પરિવર્તન પેનલની પાંચ બેઠકો પર જીત મેળવતા વર્તમાન ચેર. છાવણીમાં ચિંતા પ્રસરી હતી.

અત્રે ઉપસ્થિત સહકારી ક્ષેત્રના જિજ્ઞાસુઓ પરથીભાઈ ભટોળને પશ્ચીમ બંગાળના જ્યોતિ બસુએ જેમ લાંબો સમય સુધી શાસન કરેલ તે મુજબ બનાસકાંઠાના ડેરીક્ષેત્રે બસુ ગણાવ્યા હતા. હવે આગામી સમયમાં ચેરમેન પદની પ્રક્રિયા હાથ ધરાશે.

## તલોદની સરકારી હોસ્પિટલમાં તબીબોની સતત ગેરહાજરીથી દર્દીઓ પરેશાન

તલોદ, તા. ૧૧

તલોદની સરકારી હોસ્પિટલમાં તબીબોની સતત ગેરહાજરીથી દવા લેવા માટે આવતા આસપાસના ગામના ગરીબ દર્દીઓને દરરોજ પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે. અને ના છૂટકે મોઘાદાટ ખાનગી દવાખાને જવાની જરૂર પડે છે. જેથી દર્દીઓએ આ મામલે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે અને તબીબ નિયમીત હાજરી દવાખાનામાં આપે તેવી ઉગ્ર માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકામાં અંદાજે ૧૦૫ જેટલા ગામડાઓનો સમાવેશ થાય છે. જ્યાં ગરીબ, ખેડૂત અને મધ્યમ વર્ગના લોકો વસવાટ કરે છે. આ તમામ લોકોની આરોગ્યલક્ષી સેવા માટે એક માત્ર સરકારી સિવિલ હોસ્પિટલ છે. જ્યાં તબીબો પોતાના મન મુજબ આવે છે અને મન મુજબ ચાલ્યા જાય છે. જેથી ગરીબ દર્દીઓને કલાકો બાદ પણ પૂરતી સેવા ન મળતા આખરે મોંઘીદાટ ખાનગી હોસ્પિટલની રાહ પકડવી પડે છે. હાલમાં ચોમાસુ ઋતુના કારણે મેલેરિયા, ટાઈફોડ, વાઈરલ ફીવર જેવા રોગોએ માથુ ઉંચક્યુ છે ત્યારે આ દર્દીઓને સમયસર સારવાર ન મળતા દર્દીઓમાં અસંતોષની લાગણી પેદા થવા પામી છે. તલોદ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ત્રણ તબીબો સતત ગેરહાજર રહેતા દર્દીઓને નર્સો ગમે તેવી સારવાર આપી દે છે અને દવાખાને આવતા પીડીત દર્દીઓની સાથે ઉદ્ધત વર્તન કરે છે. તેવી પણ ફરિયાદ દર્દીઓએ વ્યક્ત કરી છે. તલોદની આ સરકારી હોસ્પિટલમાં તબીબોની સતત ગેરહાજરી અને નર્સોના બેજવાબદાર વર્તનથી ગરીબ દર્દીઓ ભારે પીડા ભોગવી રહ્યા છે અને આરોગ્ય તંત્ર વિરૂદ્ધ આ મામલે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે અને તાત્કાલિક ધોરણે તબીબો નિયમિત દવાખાનામાં હાજરી આપે તેવી માંગણી કરી રહ્યા છે.

## ધોલવાણી ત્રણ રસ્તા નજીક અકસ્માતમાં ઈજા પામેલ ઈસમનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ત્રણ રસ્તા પર વીસ દિવસ પહેલાં જીપ અને બાઈકનો અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક અને બે જણાને ઈજાઓ થઇ હતી. જેમાંથી એક ગંભીર ઈજાગ્રસ્તનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજતા ભિલોડા પોલીસ મથકે સોમવારના રોજ ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પર ૨૨મી ઓગષ્ટના રોજ બપોરેના ૩.૩૦ વાગેના સમયે જીપ નંબર જીજે-૨-કે- ૭૭૬ અને બાઈક નંબર જીજે-૧૬-એસી-૩૭૧ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાંબાઈકલ પર રૂદ્રાલ ગામનાં સુભાષભાઈ અને ૧૪ વર્ષીય હિતેશ પ્રવીણભાઈ ખડા બંને જણાને ઈજાઓ થવા પામી હતી. જેમાં હિતેશને શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં. ખસેડાયેલ હતો, જયાં સારવાર દરમિયાન હિતેશનું મોત નીપજતાં ભિલોડા પોલીસ મથકે સોમવારના રોજ પ્રવીણભાઈ જીવાભાઈ ખડાએ ફરિયાદ નોંધાવી હતી.

## ખેડબ્રહ્મામાં ૧૭મીએ રક્તદાન શિબિર યોજાશે

ખેડબ્રહ્મા ખાતે તેરા પંથ યુવક પરિષદ અમદાવાદ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ તેરાપંથ ભવન, કચ્છી વાડી વાસણારોડ, ખાતે કરવામાં આવ્યું છે. તેરાપંથ યુવક પરિષદ અમદાવાદ દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બરે ઓલ ગુજરાત રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તેરાપંથના ભારતભરમાં ૩૬૫ કેન્દ્રો આવેલા છે. ખેડબ્રહ્મા શહેરમાં રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે પ્રમુખ કમલેશ મહેતા, અમરત સાંસદ, શંકરલાલ પિતાલીયા અને તેરાપંથના અધ્યક્ષ રામલાલ દક તેમજ વીર મેવાડ યુવા ક્લબ દ્વારા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.



એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ શામળાજી અને સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ, મોરચાના સ્ટાફ ક્વાટર્સનું લોકાર્પણ આજે રાજ્ય આદિજાતિ મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોરના હસ્તે કરવામાં આવ્યું હતું.

## પડુસ્મા ગામે પટેલો પર હુમલો કરનાર પૈકી પાંચની શરણાગતી

માણસા, તા. ૧૧

માણસા પાસેના પડુસ્મા ગામે બસ રોકવામાં પટેલો સહકાર નહી આપતા હોવાના બહાના નીચે થયેલ હુમલામાં સામ-સામે પોલીસ ફરીયાદ દાખલ થઈ હતી. જેમાં પટેલોની મહોલ્લામાં ઘુસી હુમલો કરી ચાર જણાને ઈજા કરી નાસી છુટેલા પાંચ આરોપીઓએ આજે પોલીસ સમક્ષ હાજર થયા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર માણસા તાલુકાના પડુસ્મા ગામે ચાર દિવસ અગાઉ રોકવામાં સહકાર નહી આપતા હોવાના મુદ્દે થયેલી તકરારમાં દરબાર જુથ લોકોએ સાંજના સમયે પટેલોના મહોલ્લામાં હથિયારો સાથે ઘુસી જઈ અને હુમલો કર્યો હતો જેમાં ચાર લોકો ઘાયલ થયા હતા. જે બાબતે પોલીસમાં ફરીયાદ પણ દાખલ થઈ હતી. તો સામે પટેલ સમાજના લોકોએ હુમલો કરનાર વિરૂદ્ધ પણ પોલીસ ફરિયાદ દાખલ કરી હતી. જે બાબતે આરોપીઓની એલ.સી.બી. અને સ્થાનિક પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી હતી. જેના પરીણામે આજે દરબાર જુથમાં પાંચ આરોપીઓ પોલીસના શરણે આવી ગયા હતા. જ્યારે આરોપીઓને કોર્ટમાં રજુ કરી હતી પરંતુ કોઈ રિમાન્ડ અરજી ના મંજુર કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

## મહેસાણા ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય સેનાનો ભરતી મેળો આગામી તા. ૧૩ થી ૨૧ સપ્ટેમ્બર-૨૦૧૨ દરમ્યાન પોલીસ હેડ ક્વાટર્સ પરેડ ગ્રાઉન્ડ, મહેસાણા ખાતે યોજાશે. આ ભરતી મેળો સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ક્લાર્ક/સ્ટોર કીપર, સોલ્જર ટેકનીકલ, સોલ્જર ટેકનીકલ (નર્સીંગ આસિસ્ટન) અને સોલ્જર ટ્રેડમેનની જગ્યા માટે યોજાશે. જેમાં તા. ૨૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. ભરતી મેળામાં પસંદગી થવા માટે શારીરિક ક્ષમતા કસોટી, ડોકટરી પરીક્ષામાં સફળ થવું અને સામાન્ય પ્રવેશ પરીક્ષામાં ઉમેદવારોનો પ્રવેશ લાયકાતના ધોરણોસર કરવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, ડી-બ્લોક, બીજો માળ, મહાનગર સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર અથવા ફોન નંબર-૨૩૨-૫૯૦૭૮, ૭૯, ૮૦ અને ૨૩૨-૫૭૫૭૧ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી શ્રી એસ.ઓ. અમીને જણાવ્યું છે.





## હિંમતનગર ખાતે ગુટખા પર પ્રતિબંધ અંગે જનજાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લા પંચાયતના ટોબેકો કંટ્રોલ સેલ અને ભારત સ્કાઉટ સંઘ સાબરકાંઠાના ઉપક્રમે ગુટખા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરા, ચીફ કમિશનર ડો. અતુલ દિક્ષીત અને જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જયંત કનોરીયાએ લીલી ઝંડી આપી., જિલ્લા પંચાયત કચેરીથી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી ડો. અરૂણસિંહ ભાટીના માર્ગદર્શન હેઠળ રેલી ટાવર ચોક, નવા બજાર, જુના થઈ કલેક્ટર કચેરી પહોંચી હતી. જેમાં વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

## ગોધમજી ગામેથી બે ભેંસો ચોરાઇ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ગોધમજી ગામે રહેતા અમૃતભાઈ જેઠાભાઈ પટેલની બે ભેંસો નાગોરી રંગની એક સાત અને એક ત્રણ વર્ષની કિંમત રૂા. ૧૬ હજારની ભેંસો ગામની સીમમાં શેડમાં બાધેલ હતી. રવિવારના રોજ જે બે ભેંસોના ગળામાંથી સાંકળો છોડી ચોરી કરી લઈ જતા સોમવારના રોજ ઈડર પોલીસે મથકે અમૃતભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.



## પ્રાંતિજમાં નવમુ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૨ યોજાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં વલભી શાળા વિકાસ સંકુલનું નવમુ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૨નું ગતરોજ યોજાયું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઉષાબેન નિત્યાનંદે આ પ્રદર્શન ખુલ્લુ મુક્યું હતું. જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સાબરકાંઠા હિંમતનગર દ્વારા વલભીશાળા સંકુલ પ્રાંતિજ ખાતે યોજાવામાં આવ્યુ હતું. જેમાં નગરપાલિકા, પ્રમુખ શ્રી ઉષાબેન ગજેન્દ્રસિંહ રહેવર, દિલીપભાઈ રાવત, સોનલબેન મોદી, કનુભાઈ પ્રજાપતિ વગેરેની ઉપસ્તિતિ રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને મુખ્ય હેતુ શાળાઓના બાળકોને ગણીત વિજ્ઞાનનું માર્ગદર્શન પુરૂ પાડવા માટે અને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ૫૩ જેટલી શાળાઓએ ૭૬ કૃત્રિઓ રજુ કરી હતી. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુની શાળાના વિદ્યાર્થીઓએ પ્રદર્શન નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો. અને યજમાન શાળાના આચાર્યશ્રી ડી.આર. ઝાલા તથા સ્ટાફ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. (તસવીર : સંજય રાવલ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

## ફરજ ઉપર હાજર થવા માટેની જાહેર નોટીસ

તમો શ્રી બાબુજી લલાજી પરમાર (ઠાકોર) અત્રેની જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે વૉર્ડ સર્વન્ટ તરીકે ફરજ બજાવો છો. તમો છેલ્લા પાંચ (૫) વર્ષથી બિનઅધિકૃત રીતે તથા પરવાનગીએ કોઈપણ પ્રકારની જાણ વગર તમારી ફરજ ઉપરથી સતત ગેરહાજર રહેલ છો. તમારી ફરજ ઉપરની સતત ગેરહાજરી બાબતે આ કચેરી દ્વારા રજી.એ.ડી. પત્રોથી તમોને અવાર-નવાર જાણ કરવામાં આવેલ છે.

પરંતુ તમારી હાજરી તમારે સરનામે મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર ખાતે ન હોય નોટીસ પ્રસિદ્ધ કરવાની ફરજ પડેલ છે.

તમારી આ બિનઅધિકૃત તેમજ વગર પરવાનગીની સતત લાંબા સમયની ગેરહાજરી બાબતે કોઈપણ પ્રકારની તમોએ જાણ કરેલ નથી. જેથી આ જાહેર નોટીસ દ્વારા તમોને ફરી એક વખત જાણ કરવામાં આવે છે કે, આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ-૭માં તમારી ફરજ પર હાજર થઈ જશો. જો આમ તમો કોઈપણ કારણ વગર ફરજ પર હાજર થવામાં નિષ્ફળ જશો તો તમોને અત્રેની સંસ્થા ખાતેથી તમારી નોકરીમાંથી રદબાતલ ગણવામાં આવશે જેની આથી સ્પષ્ટ નોંધ લેશો અને હવે પછી આ જાહેર નોટીસને અંતિમ નોટીસ ગણવામાં આવશે જેની પણ સ્પષ્ટ નોંધ લેશો.

સી.ડી.એમ.ઓ. કમ સિવિલ સર્જનશ્રી
જ.હો. અમરેલી

પ્રતિ,
શ્રી બાબુજી લલાજી પરમાર (ઠાકોર)
મુ. બોરીજ, જૈન દેરાસર પાસે, પોષ્ટ. સેક્ટર-૨૦
તા. જી. ગાંધીનગર

માહિતી/૧૩૩૭/૧૨-૧૩